વડીલોને વંદન અભિનંદન

રજનીકાંત એન.લીંબાચીયા
(૧૯૫૪)મો.૯૯૯૮૯૯૬૬૯૮

કનુભાઈ દવે
(૧૯૪૨)ફોન: ૨૩૨૪૯૬૩૯

પાટણ ખાતે ૨૮મી સાયન્સ કોંગ્રેસ યોજાઈ

રાજયપાલશ્રી ડૉ. કમલાજીએ દશના વિશ્વ વિદ્યાલયોને વૈશ્વિક પ્રતિભા ધરાવતા ઓકસફોર્ડ, કેમ્બ્રીજ અને કેલિફોર્નિયા વિશ્વ વિદ્યાલયોની સમકક્ષ બનવાનું આહ્વાન કર્યુ હતું. ગુજરાત સાયન્સ એકેડમી અને પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.ના સંયુકત ઉપકમે યોજાયેલા ૨૮મી સાયન્સ કોંગ્રેસના મુખ્ય અતિથિ તરીકે સંબોધન કરતાં ઉપર મુજબ જણાવ્યું હતું. વિજ્ઞાન શિક્ષણના ઉત્કૃષ્ટીકરણ અને તેમાં ઉપસ્થિત થનારા ભાવ પડકારોના ઉપાયોના સર્વદેશીય ચિંતન માટે રાજય અને દેશમાં ઉપસ્થિત રહેલા તજજ્ઞો અને ડેલીકેટસને સંબોધન કરતાં રાજયપાલશ્રી ડૉ. કમલાજીએ જણાવ્યું હતું કે આજના દિવસે ૪૦૦ ઉપરાંત વિશ્વ વિદ્યાલયો અને ૧૫,૦૦૦ ઉપરાંત અધિક મહા વિદ્યાલયો કાર્યરત છે. આજે જયારે વિજ્ઞાનના પરિક્ષેત્રમાં બૃહદ સંશોધનો અને આવિષ્કારો નિરંતર નિષ્પન્ન થઈ રહ્યા છે ત્યારે તેના હમકદમ બનવા માટે દેશના વિશ્વ વિદ્યાલયોને વિજ્ઞાન અંગેની શિક્ષણ ક્ષેત્રે સવિશેષ ધ્યાન કેન્દ્રીત કરવાની જરુર છે. દેશે વિજ્ઞાનના ક્ષેત્રે અભૂતપૂર્વ અદ્વિતીય અને જબરજસ્ત હરણફાળ ભરી છે.

(તસવીર : ચેતન રામી)

રસ્તા પરના બમ્બની અણઘડ કામગીરીથી અકસ્માત વધ્યા

આડેધડ અને યોગ્ય ગણતરી વગર બમ્બ બનાવવા માટેના લીધે મોડી રાત્રે લોકો વધુ શિકાર બનતા હોવાની ફરિયાદ

અમદાવાદ, તા.૨૨

ભાજપ શાસિત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રાથમિક ફરજમાં પાણી, ગટર, રસ્તા, સ્ટ્રીટલાઈટ આવે છે પરંતુ તે દરેક બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના લોકો ઉદાસીનતા દાખવી રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રસ્તા પર બનાવયેલા રસ્તા પરના બમ્બની અણઘડ કામગીરીથી શહેરમાં અકસ્માતો વધ્યા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પોતાની ઈચ્છા મરજીથી રસ્તા પર બમ્બ બનાવે છે અને થોડા સમયબાદ વગર કારણે તેને તોડી નાંખે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનનું આ ગણિત અભણ માણસોને પણ સમજાતું નથી. અમુક જયાએ ડિસ્કો ડાન્સ કરાવતા બમ્પ બનાવવામાં આવે છે તોબીજી બાજુ કમરતોડ પ્રકારના બમ્પ બનાવવામાં આવે છે. તો કેટલીક વાર તો જરૂર હોય તે રસ્તા પર બમ્પ અર્થે અણઘડ કામગીરી કરવામાં આવે છે. બમ્પની અણઘડ કામગીરીથી શહેરમાં રોજ અકસ્માતો સર્જાય છે અને આ અકસ્માતોથી કેટલાય લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મ્યુનિસિપલ કોર્પો. જયાં જરૂર ન હોય ત્યાં બમ્પ બનાવે છે અને પછી તે જ બનાવેલા બમ્પને તોડવામાં આવે છે. પ્રજાના ટેક્સના કરોડો રૂપિયાનો કોર્પોરેશન દ્વારા ધુમાડે કરવામાં આવે છે. બીજી તરફ જયાં જરૂર નથી ત્યાં બમ્પ છે અને જયાં જરૂર છે ત્યાં બમ્પ જ નથી. અને વારંવાર અકસ્માત સર્જાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કુબેરનગરમાં સત્યનારાયણ દૂધ ઘરથી માયા સિનેમા તરફ જતા એક કિલોમીટરના સાંકડા રસ્તા પર ૧૭ બમ્પ બનાવવામાં આવ્યા છે જેની ખરેખર જરૂર નથી જયાં બીજી તરફ બહેરામપુરા ચાર રસ્તા, દર્પણ છ રસ્તા એ સિવાયના અસંખ્ય વિસ્તારોમાં જરૂર છે અને બમ્પ બનાવવામાં આવ્યા નથી. જેના લીધે અકસ્માતો સર્જાય છે. હેલ્મેટ ફોર્સ રોડ ઉપર આવેલા મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટિટ્યુટ આગળ કોર્પોરેશન દ્વારા કેટલીય વાર બમ્પ તોડીને એની એ જ જગ્યા પર ફરી બનાવવામાં આવ્યા છે અને લાખો રૂપિયાનો ખર્ચો થાય છે તો શહેરમાં કેટલીક જગ્યાએ બમ્પ છે પરંતુ રિફલેક્ટરનો અભાવ હોવાથી અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે તો કેટલીક જગ્યાએ બિનજરૂરી બમ્પોથી શહેરમાં ટ્રાફીકનો વધારો થાય છે.

અમદાવાદમાં રોજ ઘરફોડ ચોરીના સરેરાશ બે મામલા

અમદાવાદ,તા.૨૨

અમદાવાદ શહેરમાં ઘરફોડ ચોરી, ચેઈન સ્નેચીંગ અને વાહનોની ચોરીના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે. ૨૦૧૩માંઘરફોડ ચોરીના બનાવમાં ચિંતાજનક રીતે વધારો થયો છે. જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં અનેક કેસો નોંધાયા છે. વધતાં જતા કેસોની વાત કરવામાં આવે તો સરેરાશ બે ઘરફોડ ચોરી, એક ચેઈન સ્નેચીંગનો બનાવ અને વાહનચોરીના છ બનાવ અમદાવાદ શહેરમાં દરરોજ બની રહ્યા છે. ગુજરાત વિધાનસભામાં સરકાર દ્વારા પણ આ અંગેની કબૂલાત કરવામાં આવી ચૂકી છે. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમાર દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં સરકારે કબૂલાત કરી છે કે છેલ્લા એક વર્ષના ગાળામાં ઘરફોડ ચોરીના ૬૮૪ કેસો નોંધાયા છે. વટવામાં ઘરફોડ ચોરીના બનાવ એક વર્ષમાં સૌથી વધારે નોંધાયા છે. આ એરિયામાં ઘરફોડ ચોરીના ૫૦ કેતેથી વધુ કેસ નોંધાઈ ચૂક્યા છે. ઘરફોડ ચોરીના મહત્તમ કેસો ૧૦ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયા છે જે પૈકી સાત પોલીસ સ્ટેશન પૂર્વીય શહેરમાં છે જયારે પશ્ચિમ અમદાવાદમાં વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં મહત્તમ ૨૩ કેસ ઘરફોડ ચોરીના નોંધાયા છે.

સાદીક કેસ : પૂરક ચાર્જશીટ રજૂ કરવા માટેની હિલચાલ

પૂરક ચાર્જશીટમાં પોલીસ અને આઈબી અધિકારીઓને સાણસામાં લેવાની હિલચાલ : ટૂંકમાં ચાર્જશીટ રજૂ થશે

અમદાવાદ, તા.૨૨

સાદીક જમાલ એન્કાઉન્ટર કેસમાં તપાસ એજન્સી સીબીઆઈ આગામી સમયમાં પૂરક ચાર્જશીટ રજુ કરશે. જેમાં સીબીઆઈ ઈશરત એન્કાઉન્ટરની જેમ ફક્ત પોલીસ અને આઈબી અધિકારીઓને સાણસામાં લેશે તેવી સુત્રો દ્વારા માહિતી મળી રહી છે. તેથી ચોરકોર ચર્ચા ચાલી રહી છે ઈસરત કેસમાં સાવ નિરસ ચાર્જશીટ કરનાર સીબીઆઈ હવે સાદીક જમાલ એન્કાઉન્ટરમાં પણ રાજકારણીઓને કલીનચીટ આપી દોષનો ટોપલો પોલીસ અનેઆઈબી અધિકારીઓના માથે ઢોળી દેશે.

વર્ષ ૨૦૦૩માં અમદાવાદના નરોડા સ્થિત ગેલેક્ષી સિનેમા પાસે મૂળ ભાવનગરના વતની સાદીક જમાલનું ગુજરાત પોલીસે નકલી એન્કાઉન્ટરમાં ઠીમ ઢાળી દીધુ હતું. એ વખતે ગુજરાત પોલીસે એવી માહિતી જાહેર કરી હતી કે સાદીક જમાલ ગોધરા હત્યાકાંડ બાદ થયેલા કામો રમખાણોનો બદલો લેવા અને રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હત્યા કરવા માટે તે આવ્યો હતો અને તે આતંકી હતો તેવી થિયરી મુકી સાદીક જમાલને નકલી એન્કાઉન્ટરમાં પતાવી નાંખવામાં આવ્યો હતો. સાદીક જમાલ એન્કાઉન્ટરમાં આઈબી અધિકારીઓ વિરૂદ્ધ ચાર્જશીટની કાર્યવાહી કરવા કેન્દ્રીય ગૃહમંત્રાલય પાસે મંજુરી માંગી છે. જે મળતા જ સીબીઆઈ સાદીક જમાલ એન્કાઉન્ટરમાં પણ પૂરક ચાર્જશીટ દાખલ કરશે.

સુત્રોની માહિતી અનુસાર સાદીક જમાલની સૌ પ્રથમ પુછપરછ કરનાર મુંબઈ ક્રાઈમબ્રાન્ચના તત્કાલીન સબ ઈન્સ્પેક્ટર દયા નાયક ઉપરાંત ઈન્સ્પેક્ટર પ્રદિપ શર્મા સહિત બાર પોલીસ અધિકારીઓ સીબીઆઈ તરફથી સાક્ષી બનશે તેવી શક્યતા છે. સાદીકની પૂછપરછમાં તે આતંકી ન હોવાનું બહાર આવ્યું હતું પણ આઈબીના ગુરૂ સદાવ્રતીએ તે આતંકી છે તેવું ચીતરીને એન્કાઉન્ટર માટે ગુજરાત પોલીસને હવાલે કરી દીધો હતો. તેથી આ પ્રકરણમાં નિવૃત્ત ગુરૂ સદાવ્રતી સાથે તે સમયના અન્ય આઈબી ઓફિસર પણ મદદગારીમાં સામેલ હશે તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આઈબીના અધિકારીઓએ મુંબઈના બોરીવલી સ્થિતો રાજીવ ગાંધી નેશનલ પાર્ક નજીકના ફલાયઓવર પાસે ઉજી જાન્યુઆરી ૨૦૦૩ના રોજ સાદીક જમાલને ગુજરાત પોલીસના હવાલે કર્યો હતો ત્યારબાદ ૧૪ જાન્યુઆરી ૨૦૦૩ના રોજ ગુજરાત પોલીસે સાદીક જમાલને અમદાવાદના નરોડા-સ્થિત ગેલેક્ષી સિનેમા ખાતે નકલી એન્કાઉન્ટરમાં પતાવી દીધો હતો.

હવે આગામી સમયમાં કેન્દ્રિય ગૃહવિભાગ તરફથી સાદીક જમાલ કેસમાં આઈબીના અધિકારીઓ વિરૂદ્ધ પૂરક ચાર્જશીટ રજુ કરવા મંજુરી મળશે તેના તુરંત બાદ સીબીઆઈ, આઈબી અધિકારીઓને પણ સાણસામાં લેશે.

સાબરમતી જેલમાં પણ વાંધાજનક સામગ્રી જપ્ત

૧૨મી ડિસેમ્બરના દિવસે પૂરા થયેલા છેલ્લા બે વર્ષના ગાળામાં સાબરમતી જેલ સત્તાવારાઓએ ૪૩૬ વાંધાજનક સામગ્રી જેલમાં કબજે કરી છે જેમાં જેલમાંથી મોબાઈલ ફોન કબજે કરવાની બાબતનો પણ સમાવેશ થાય છે. રાજય સરકારે વિધાનસભામાં આ મુજબની માહિતી આપી હતી. ૨૦૧૨માં ૨૬૪ આવી સામગ્રી કબજે કરાઈ હતી જયારે ૨૦૧૩માં ૧૭૨ વાંધાજનક સામગ્રી કબજે કરાઈ છે. આ દાણચોરીની વસ્તુમાં મોબાઈલ ફોન ઉપરાંત તમાકુ, બીડી, સિગારેટ, પત્તા, બ્લેડ, રોકડ અને અન્ય વસ્તુનો સમાવેશ થાય છે. રાજય વિધાનસભમાં કોંગ્રેસના ધારાસભ્ય જવાહર ચાવડા દ્વારા કરાયેલા પ્રશ્નના જવાબમાં આ માહિતી અપાઈ હતી.

અમદાવાદમાં આજે સિવિલ એન્જિનિયરીંગ ક્ષેત્રે પડકારો અંગે સેમિનાર

અમદાવાદ, તા. ૨૨

એસોસીએશન ઓફ કન્સલ્ટીંગ સીવીલ એન્જીનીયર્સ (ઈન્ડિયા)-અંદાવાદ સેન્ટર ગુજરતા દ્વારા આવતીકાલે શનિવારે સિવિલ એન્જિનિયરીંગ ક્ષેત્રે રહેલા પડકારો અંગે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી સામે, નોલેજ કોન્સોટીયમ ઓફ ગુજરાત ખાતે સવારના ૯.૩૦થી સાંજના ૯.૩૦ કલાક સુધી આ સેમિનાર યોજાયો હતો.

એસો.ઓફ કન્સ્લ્ટીંગ સિવિલ એન્જિ. (ઈન્ડિયા)ના સ્થાપક શ્રી ગીરીશ સીંઘઈએ જણાવ્યું હતું કે ગુજરાત સહીત દેશભરમાં દિન-પ્રતિદિન બાંધકામ ક્ષેત્રે અકસ્માતોનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યારે આ બાબતે જાગૃતતા કેળવવા માટે આ સેમિનારનું આયોજન હાલ સિવિલ એન્જિ. ક્ષેત્રે ઘણા પડકારો છે. ત્યારે સેમિનારમાં દેશના વિવિધ રાજયોમાંથી સિવિલ એન્જિ. ક્ષેત્રે નિષ્ણાતો દ્વારા આ અંગે ચર્ચા - વિચારણા કરશે. જુદી જુદી ૧૪ સંસ્થાઓ મળીને કુલ ૨૫૦ પ્રતિનિધિઓ ભાગ લીધો હતો. ઉપરાંત ગીરીશ સિંચઈ દ્વારા લિખીત પુસ્તકનું વિમોચન કરીને દરેક પ્રતિનિધિને વિના મૂલ્યે આપવામાં આવ્યા હતા.

અમદાવાદમાં વાહનની ચોરીમાં સામેલ ટોળકી અંતે પકડાઈ

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ શહેરમાં વાહન ચોરીઓના બનાવોમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. આ બનાવોને રોકવા માટે હાલમાં લેવામાં આવેલા પગલા સફળ સાબિત થઈ રહ્યા છે. ચોક્કસ બાતમીના આધારે પોલીસે રખિયાલ ચાર રસ્તા ખાતે સારંગપુર તરફથી આવી રહેલા શખ્સોને પકડી પાડવામાં સફળતા મેળવી છે. ઝડપાયેલા ત્રણ શખ્સોની આકરી પુછપરછ હાથ ધરવામાં આવી છે. પુછપરછ દરમિયાન જાણવા મળ્યું કે, આ શખ્સોએ વસ્ત્રાપુર, સેટેલાઈટ, સોલા અને ખાડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ૧૯થી વધુ હીરો હોન્ડા, સ્પેલ્ડર અને પેશન મોડલના વાહનોની ચોરી કરી અન્ય એક શખ્સને વેચી દીધા હતા. ઝડપાયેલો ત્રીજો શખ્સ દાણીલીમડા બહેરામપુરા ખાતે કબાડીના માર્કેટમાં દુકાન ધરાવે છે. તેને આ લોકો વાહનો વેચી દેતા હતા.

ઝડપાયેલા શખ્સો પૈકી મુખ્ય સુત્રધાર ઈરફાન ઉર્ફે અરમાન અલી સૈયદ અગાઉ પણ વાહન ચોરીના ગુનામાં પકડાઈ ચુક્યો છે. પોલીસે સમગ્ર મામલામાં વધુ તપાસ હાથ ધરી છે. ઝડપાયેલા શખ્સની ઓળખ કરી લેવામાં આવી છે જેમાં ઈરફાન ઉર્ફે અરમાન અલી, મોહમ્મદ આસીફ ઉર્ફે રાજુ અને મઝહર સૈફુદ્દીનભાઈનો સમાવેશ થાય છે.

અમદાવાદમાં ફાયરીંગના વર્ષમાં ૧૫ બનાવો બન્યાં

૨૦મી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે પૂરા થયેલા વર્ષમાં શહેરમાં ગોળીબારના આ ૧૫ બનાવો બન્યા છે. રાજ્ય વિધાનસભામાં આ અંગેની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમાર દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં રાજ્ય સરકારે ગૃહમાં માહિતી આપી હતી કે ગોળીબારના આ બનાવોમાં ૫ લોકોએ તેમના જાન ગુમાવ્યા છે. રાજ્ય સરકારે એમ પણ કહ્યું હતું કે આશરે ૪૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે જયારે ચાર આ ગુનાઓમાં ફરાર થઈ ગયા છે.

ભાજપમાં વિલીનીકરણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર ટાઉન હોલ ખાતે એક કાર્યક્રમ યોજાનાર છે જેમાં મુખ્યમંત્રીની હાજરીમાં જી.પી.પી.નું ભાજપમાં વિલીનીકરણ કરીને ગોરધન ઝડફીયા કાર્યકરો સાથે ભાજપમાં જોડાનાર હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

ગોરધન ઝડફીયાને જીપીપીના અધ્યક્ષ બનાવ્યા બાદ જીપીપીમાં આંતરિક મતભેદો વધવા પામ્યા હતાં.

ગ-માર્ગને મજબૂત બનાવવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેના અંતે હવે આ કામગીરી હાથ ધરાશે. આ ઉપરાંત ટ્રાફિકથી ધમધમતા 'ગ' માર્ગને પણ ચકાચક બનાવાશે. 'ગ' માર્ગના નવીનીકરણ માટે રૂ. ૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. અગાઉ 'ગ' માર્ગ પર સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરો કોર્નર કરવાની કામગીરી બાદ પણ રસ્તાને નુકશાન થયું હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે નવા સેકટરોમાં વિકાસની સાથે વસતીનું પ્રમાણ વધતા 'ગ' માર્ગ પર ટ્રાફિકનું ભારણ દિન પ્રતિદિન વધી રહ્યું છે ત્યારે 'ગ' માર્ગનું રોડ નેટવર્ક સુધારવા તંત્ર દ્વારા સપ્તાહમાં જ કામ શરુ કરી દેવાશે. ચુંટણી આચાર સંહીતાના અમલ પૂર્વે શહેરમાં મોટા ભાગના રસ્તાઓના કામ શરુ કરી દેવાય તેવી સંભાવના છે.

ગુણોત્સવ હવે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિષયોની ૮૦ માર્કસનું પ્રશ્નપત્ર આપવામાં આવશે. આ પ્રશ્નપત્રના ઉત્તરો માટે ઓ.એમ.આર. શીટ્સ હશે. આ ઉત્તરવહી પર શાળાના દરેક વિદ્યાર્થીઓનું નામ, શાળાનું નામ, ક્રમાંક નંબર સહિતની વિગતો પ્રિન્ટ કરીને જ આપવામાં આવનાર છે. આ પ્રશ્નપત્ર ૧૦૦ મિનિટનું રહેશે.

દરમ્યાન જિલ્લામાં ૭૦૦ જેટલી શાળાઓ દ્વારા સ્વમૂલ્યાંકન કરી અને તે બધુ જ ગુણોત્સવ પૂર્વે જિલ્લા કક્ષાએ જમા કરાવવાનું રહેશે. આનુ મૂલ્યાંકન અલગથી થશે.

આ ઉપરાંત જિલ્લામાં ૬૦ જેટલી અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે જેમાં અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારા ૬ અને ૭ માર્ચના રોજ મુલાકાત લઈ મૂલ્યાંકન કરવામાં આવશે. આમ આ બન્ને મૂલ્યાંકનને આધારે જિલ્લાની પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન આખરી કરવામાં આવશે.

જિલ્લા શિક્ષણ સમિતિના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં પ્રા. શાળાના મુખ્ય શિક્ષકોને ગુણોત્સવ માટે તાલિમ આપવાનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે. શ્રી સંજય પરમાર દ્વારા આ તાલીમ ગાંધીનગર ટાઉનહોલમાં આપવામાં આવી હતી. હવે આગામી ૨૫મી ફેબ્રુઆરીના રોજ રાજયના શિક્ષણ વિભાગ દ્વારા ટેલિકોન્ફરન્સ યોજી અને મુખ્ય શિક્ષકો અને શાળાના શિક્ષકોને વિશેષ માર્ગદર્શન સાથે તાલીમ આપવામાં આવશે. જેમાં સ્વમૂલ્યાંકન પર વિશેષ ભાર મુકવામાં આવશે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ગુણોત્સવના સ્વમૂલ્યાંકન માટે એક જ દિવસ નિયત થશે જેમાં એસએમસીના સભ્યોને રાખી જાહેરમાં સ્વમૂલ્યાંકન કરવાનું રહેશે. શિક્ષણ વિભાગે સ્વમૂલ્યાંકન માટે પણ ઓ.એમ.આર. સીટ તૈયાર કરી છે. જેથી કોઈપણ પ્રકારના ભેદભાવને અવકાશ રહે નહિ.

શિક્ષણ વિભાગ દ્વારા એનજીયો, કેળવણીકારો, એવોર્ડ વિનર ટીચર્સને પણ આ ગુણોત્સવમાં સામેલ કરવાનો નિર્ણય કરેલ છે. શિક્ષણ વિભાગ દ્વારા હાલ કયા અધિકારી પદાધિકારીઓને જિલ્લાઓ ફાળવવા અંગેની કવાયત ચાલી રહી છે જે વિધાનસભા સંપન્ન થતા જાહેર કરવામાં આવશે.

ડંપની સમાચાર

૨૦૧૪ વર્લ્ડ રમી ટુર્નામેન્ટની ટ્રોફી અનાવરણ

ડબ્લ્યુ આરટી ટ્રોફી જીતવા માટે સ્પર્ધા કરનારા ૨૪૦ ફાઈનલિસ્ટો મારે સ્ટારફુઝ લિબ્રા (મલેશિયા-થાઈલેન્ટ) યજમાન બનશે

ડબ્લ્યુઆરટી ૨૦૧૪ની જંગલી રમી. કોમ પ્રાયોજિક ફાઈનલ નજીકમાં છે ત્યારે ૨૪૦ રમી ખેલાડીઓ જીવન પરિવર્તન લાવનારી ઈનામી રકમ અને દેખીતી રીતે જ પ્રતિષ્ઠિત ડબ્લ્યુઆરટી ટ્રોફી જીતવાના પ્રયાસમાં સ્ટારફુઝ લિબ્રા મારફત મલેશિયાથી થાઈલેન્ડ સેર કરશે.

વર્લ્ડ રમી ટુર્નામેન્ટ (ડબ્લ્યુઆરટી)ની ટ્રોફઈ આજે રજૂ કરાઈ હતી, જે ગોલ્ડ પ્લેટેડ છે અને ભાગ્યશાળી પ્રવાસના જહાજના પ્રતિકના સ્વરૂપમાં છે. ૧૩ પાનાની રમીની રમત માટે ડબ્લ્યુઆરટી ટ્રોફી જેવી પ્રતિષ્ઠિત અન્ય કોઈ ટ્રોફી નથી. ફાઈનલમાં ટોચના ૬ ખેલાડીઓને ટ્રોફી એનાયત કરાય છે. આ ટ્રોફી જીતનાર એક્સલુઝિવ કલબમાં આવી જાય છે.

જો આ રમતને ગંભીરતાથી લેવાયતો ડબ્લ્યુઆરટી ટ્રોફી જીતવાનું અશકય નથી. ખેલાડી માટે તે અત્યંત મૂલ્યવાન યાદગીરી બની જાય છે. એમ પાન ઈન્ડિયા નેટવર્ક લિ.ના માર્કેટીંગના હેડ ગૌતમ થાવાણીએ જણાવ્યું હતું.

શબ્દાવલી - ૫૩૨૨

૧	૨	૩	■	૪	૫	૬	
■	૭		૮				■
૯	■	૧૦			■	૧૧	૧૨
૧૩	૧૪	■		■	૧૫		
૧૬		■	૧૭	૧૮		■	■
■	૧૯	૨૦	■	૨૧		૨૨	■
૨૩	■	૨૪	૨૫		■	૨૬	૨૭
	■	૨૮			■	૨૯	

આડી ચાવી

૧. આંખને દૂર પૃથ્વી અને આકાશ એક થતું દેખાય તે રેખા (૩)
૪. પેપર, સમાચાર (૪)
૭. વધુ થીંગડાવાળુ (૬)
૧૦. તણખલું (૩)
૧૧. કાજળ (૨)
૧૩. મોકો (૨)
૧૫. લાજ, મલાજો (૩)
૧૬. આવડત, કળા (૨)
૧૭. અપકૃત્ય (૩)
૧૯. ટાંકણી, સ્ત્રીઓ માથામાં નાખે (૨)
૨૧. માચીસ (૩)
૨૪. લોયુ, એક પ્રકારનું વાસણ (૩)
૨૬. સોનું, કંચન (૨)
૨૯. તલ્લીન, મગ્ન (૨)

ઊભી ચાવી

૨. ક્રિકેટ મહિનાનો દિવસ, મીતી(૨)
૩. દુનિયા, વર્લ્ડ (૩)
૪. મીઠા-મસાલામાં આથી રાખેલ ફળ કે મુળ (૩)
૫. પક્ષી, પંખી (૨)
૬. રાજસ્થાનનું એક શહેર(૪)
૮. બીકણ, ડરકણ (૪)
૯. વરસાદનાં ટીપાં જ પીતું એક પક્ષી (૩)
૧૨. સ્વપ્ન, સપનું (૩)
૧૪. મોક, એક પ્રખ્યાત કવિ(૩)
૧૫. સો (૧૦૦) ને કહેવાય(૩)
૧૮. ... વાન અથવા ફોન પણ થાય (૪)
૨૦. આકૃતિમાં દોરેલ જમીનનો આલેખ (૩)
૨૨. સખી, બહેનપણી (૩)
૨૩. દેવતાઓનું સ્થાન (૨)
૨૫. દઝાડવું તે, ... દેવો (૨)
૨૭. દિલ, ઇચ્છા (૨)

શબ્દાવલી ૫૩૨૧ના જવાબ

આડી ચાવી :- (૧) થોકબંધ (૬) જાપતો (૮) કુમક (૧૦) બેલ (૧૧) શાયર (૧૨) ગમ (૧૩) દાનવીર (૧૫) તાસીર (૧૬) આકા (૧૯) કુશળ (૨૦) વહેમી (૨૧) ખાખરો

ઊભી ચાવી :- (૧) કસમય (૩) ધજા (૪) વાતો (૫) વહાલમ (૭) પરમવીર (૮) કુશાગ્ર (૯) કરદાતા (૧૦) બેગ (૧૪) નસીબ (૧૬) આશરો (૧૭) કાળ (૧૮) ભાવ (૧૯) કુખ

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK500™
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

જોઈએ છે
● ઓફીસ આસીસ્ટન્ટ
● એકાઉન્ટ અને બેન્ક કાર્યવાહીના અનુભવી
અરજી-બાયોડેટા સાથે રૂબરૂ મળો.
તારીખ : ૨૫/૨/૧૪, મંગળવાર
સમય : ૩.૩૦ થી ૬.૩૦
સ્થળ : શ્રી ગુરૂકૃપા સ્ટીલ કોર્પોરેશન બી/૧૨, રાધે આર્કેડ, સ્ટેટ બેંકની નજીક, કુડાસણ સર્વિસ રોડ, ગાંધીનગર.
મો. : ૯૯૨૫૮ ૩૨૮૪૦
મો. : ૯૮૨૫૬ ૧૮૬૨૧

જાહેર નિવિદા
ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લી. અમદાવાદ
(ગુજરાત સરકારનું સાહસ)
'બી' સેલર, વ્હીલ પ્લાઝા એપાર્ટમેન્ટ, ગુલબાઈ ટેકરા, પંચવટી-અમદાવાદ,
ટેલીફોન નં. - ૦૭૯ - ૨૬૪૪૫૨૪૭
નિગમની કચેરી માટે ગાંધીનગર મુકામે આશરે ૧૦૦૦ ચો.ફુટ જગ્યા ભાડેથી રાખવાની છે, કાયદેસરની પ્રોપર્ટી ધરાવતાં માલિકોએ તા. ૨૮/૨/૨૦૧૪ના રોજ કામનાં કલાકો સુધીમાં પ્રોપર્ટી ભાડે આપવા અંગેની વિગતે દરખાસ્ત (તમામ પ્રકારના ટેક્ષ, મેઈન્ટેનન્સ તથા અન્ય ચાર્જની સ્પષ્ટતા સાથે) મોકલી આપવા જણાવવામાં આવે છે. ઓછામાં ઓછો ભાડા કરારનો સમયગાળો ત્રણ વર્ષનો રાખવાનો રહેશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯